# 25 દિવસથી ખાડા ખોદી તંત્ર ભૂલી ગયું

**વલસાડના** છીપવાડમાં વાહન પર તો ઠીક અહીંથી ચાલતા જવું પણ જોખમ ભરેલું



વલસાડ : વલસાડના છીપવાડ પ્રણામી સ્ટ્રીટ અને બજાર વિસ્તારમાં પાલિકા દ્વારા રોડ ખોદી કઢાયા છે. આ રોડ ખોદાયાના 25 દિવસથી વધુનો સમય થઇ ગયો હોવા છતાં તે બની શક્યા નથી. ત્યારે આ રોડ અહીંના લોકો માટે જોખમી બની રહ્યા છે. રોડ પરથી પસાર થવું જોખમી છે, અહીંથી વાહન પર જ નહીં, ચાલતા જવું પણ જોખમ ભરેલું છે. વલસાડના છીપવાડ વિસ્તારના પ્રણામી સ્ટ્રીટનો રોડ છેલ્લા કેટલાય દિવસથી ખોદાયેલો પડ્યો છે. પાલિકાએ આગોતરા આયોજન વિના ગટર લાઇન માટે રોડ તો ખોદી કાઢ્યો, પરંતુ ત્યારબાદ તેના નિર્માણ માટે મુહૂર્તની રાહ જોવાઇ રહી હોય એવું લાગી રહ્યું છે. આ ખોદાયેલા રોડના કારણે અહીંથી વાહન લઇ પસાર થવું એક ચેલેંજ જેવું છે. અહીંથી વાહન ચલાવવું એટલે કે જાણે ઉંટની સવારી કરવા જેવું છે. છીપવાડ દાણા બજારમાં પણ ખોદાયેલા રોડ મુશ્કેલી વધારી રહ્યા છે. અહીં અનાજના મોટા વાહનો આવતા રોડ વધુ બદતર બની રહ્યો છે અને તેના કારણે અકસ્માતો થઇ રહ્યા છે. ત્યારે સ્થાનિકો દ્વારા આ રોડ મે માસ પહેલાં જ બની જાય એવી માંગણી કરાઇ રહી છે.

## ભીલાડ તળાવપાડાના ખનકામાંથી લાશ મળી આવી

ઉમરગામ : ભીલાડ તળાવપાડામાં ખનકાના પાણીમાંથી એક અજાણ્યા પુરુષ ઈસમની લાશ મળી હતી. આ બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે ધસી આવી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ભિલાડ તળાવપાડામાં ખનકાના વહેતા પાણીમાંથી બુધવારે એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી છે. મૃતકની ઉંમર આશરે 40 થી 45 વર્ષની છે. ઘટનાની જાણ થતા ભીલાડ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને લાશની ઓળખ કરવાની વાલી વારસોને શોધવાની તજવીજ હાથ ધરી તથા હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# કાચું લોહીવાળું માંસ પીરસનાર ડુંગરીની KFCને નોટિસ

**ફૂડ** એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડા પાડી નમૂના લઈ આઉટલેટ બંધ કરાવ્યું



વલસાડ : આંતર રાષ્ટ્રીય KFC બ્રાન્ડ વલસાડમાં ફરી વિવાદોમાં સપડાઇ છે. ડુંગરી હાઇવે પર આવેલા આઉટલેટમાં ગ્રાહકને લોહીવાળું કાચું ચીકન પીરસવાની ગંભીર ઘટના બાદ તંત્ર સફાળું જાગ્યું છે. મીડિયા અહેવાલોના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

તાજેતરમાં એક ગ્રાહકે આ આઉટલેટમાં ચીકન ઓર્ડર કર્યું હતું. જે ખાતી વખતે તે અંદરથી સાવ કાચું હોવાનું અને તેમાંથી લોહી નીકળતું હોવાનું માલૂમ પડ્યું હતું. ગ્રાહકે જ્યારે આ અંગે સ્ટાફને રજૂઆત કરી, ત્યારે સહકાર આપવાને બદલે કર્મચારીઓએ ગેરવર્તણૂક કરી હોવાનો આક્ષેપ થયો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોમાં રોષ ફેલાયો હતો.

મીડિયામાં અહેવાલ પ્રસારિત થતાં જ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ ડુંગરી સ્થિત KFC પર ત્રાટકી હતી. વિભાગ દ્વારા હાલમાં ખાદ્ય સામગ્રીના નમૂના લઈ તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

નોંધનીય છે કે આ અગાઉ પણ ગંદકી અને હલકી ગુણવત્તાના ખોરાક મામલે આ આઉટલેટને નોટિસ આપી બંધ કરાવી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ હાલમાં તંત્ર દ્વારા માત્ર નમૂના લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેના રિપોર્ટ આવ્યા બાદ વધુ કડક કાર્યવાહી થવાની શક્યતા છે.

વારંવાર વિવાદોમાં રહેતા આ આઉટલેટને કારણે સ્થાનિકો અને પ્રવાસીઓમાં ડરનો માહોલ છે. ગ્રાહકોના આરોગ્ય સાથે થતા ચેડાં બદલ હવે ફૂડ વિભાગ આ વખતે કેવા કડક પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉદવાડા ઝંડા ચોકથી મહાવીર રેસિડેન્સી થઇ હાઈવે સુધીના રોડ પર પ્રતિબંધ

પારડી : પારડી તાલુકાના બગવાડા સારણ રૅટલાવ રોડની પહોળાઈની કામગીરી આગામી દિવસોમાં થનાર છે. જેથી આ રોડને વાહનવ્યવહાર માટે બંધ કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ચુડાસમા દ્વારા તા.૧૮/૦૩/૨૦૨૬ થી તા.૨૫/૦૩/૨૦૨૬ સુધી ઉદવાડા ઝંડાચોકથી મહાવીર રેસીડેન્સી થઈ ને.હા.નં.૪૮ સુધીનો રોડ પ્રતિબંધિત માર્ગ તરીકે જાહેર કરાયો છે. જેથી વાહનચાલકોને ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. આ દિવસો દરમિયાન વાહનચાલકો વાપીથી બગવાડા ટોલનાકાવાળા પુલ થઈ દમણ તેમજ ઉદવાડા ગામ તરફ જતા વાહનો ને.હા.નં. ૪૮ મોતીવાડા (રેલવે ઓવરબ્રિજ) થઈ ને.હા.નં. ૮૪૮ થઈને ઉદવાડા ગામ તેમજ દમણ તરફ આવન - જાવન કરી શકશે.

### ખારેલમાં "મિશન સાયબર સેફ નવસારી" અભિયાન હેઠળ કાર્યક્રમ યોજાયો




નવસારી: નવસારી સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા "મિશન સાયબર સેફ નવસારી" અભિયાન હેઠળ ખારેલના અનીલ નાયક ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટરમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં 300થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સાયબર નિષ્ણાત યુવેન નાયકે ઓનલાઈન ફ્રોડ, OTP સ્કેમ, UPI છેતરપિંડી અને સોશિયલ મીડિયા હેકિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને ગોપનીય માહિતી શેર ન કરવા અને શંકાસ્પદ લિંકથી દૂર રહેવાની સલાહ અપાઈ હતી. સાથે જ 1930 હેલ્પલાઈન અને સાયબર ક્રાઈમ પોર્ટલ અંગે માહિતી આપવામાં આવી હતી.

### ડાંગ પોલીસે મહારાષ્ટ્રમાં સંપર્કવિહોણા થયેલા ૨૦ મજૂરનું પરિવાર સાથે મિલન કરાવ્યું



સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. આર.એસ.પટેલની ટીમ દ્વારા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ખાતે મજૂરી અર્થે ગયેલા અને છેલ્લા એક અઠવાડિયાથી સંપર્કવિહોણા થયેલા કડમાળ ગામના ૨૦ મજૂરોને શોધી કાઢી, આહવા પોલીસે તેમને સુરક્ષિત રીતે તેમના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે.આહવા પોલીસ સ્ટેશન વિસ્તારના કડમાળ ગામના ૨૦ જેટલા મજૂરો મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાના સટાણા તાલુકાના બામણગાવ ખાતે મજૂરી કામ માટે ગયા હતા. છેલ્લા એક સપ્તાહથી આ મજૂરોનો તેમના પરિવાર સાથે કોઈ સંપર્ક થઈ શકતો ન હતો.આ ગંભીર બાબતે ગામના સામાજિક અગ્રણી સુરેશભાઈ ચૌધરીએ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવનો સંપર્ક સાધ્યો હતો. તેમના પ્રયત્નથી તમામનું મિલન શક્ય બન્યું હતું.

### ખેરગામ તાલુકાના 160 આદિજાતિ પશુપાલકોને રબરમેટનું વિતરણ



ખેરગામ : રાજ્ય સરકારની યોજના અંતર્ગત સોમવારે ખેરગામ પશુ દવાખાનામાં નવસારી જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો.એમ.સી. પટેલના માર્ગદર્શન હેઠળ ખેરગામ તાલુકાના પશુપાલકોને રબરમેટનું વિતરણ કરાયું હતું. જેમાં તાલુકા પશુ ચિકિત્સા અધિકારી ડો.જીતેન્દ્ર એમ. બાલવાની, ખેરગામ તાલુકા પંચાયતના પ્રમુખ રાજુભાઈ પટેલ, ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લિતેશભાઈ ગાવિત, ભાજપ મહામંત્રી વિજયભાઈ રાઠોડ, ખેરગામ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ જીગ્નેશભાઈ પટેલ, ભાજપ અગ્રણી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમની હાજરીમાં 160 જેટલા આદિજાતિ પશુપાલકોને રૂ.3,36,000 કિંમતની રબરમેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ડાંગ DDOએ સમગ્ર શિક્ષા ડાંગ અંતર્ગત કારોભારી સમિતિની બેઠક યોજી

સાપુતારા 18-03-2026 સમગ્ર શિક્ષા ડાંગ અંતર્ગત આરજરોજ ડાંગ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવાના અધ્યક્ષ સ્થાને કારોબારી સમિતિની બેઠક ડાંગ જિલ્લા પંચાયત સભાખંડ ખાતે યોજાઇ હતી. જેમાં વિદ્યાર્થીઓના જુદા જુદા પ્રશ્નો, તાલિમ અને અભ્યાસની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી. ડી. દેશમુખ પણ હાજર રહ્યા હતાં.

# વલસાડના 60 વર્ષના વિકૃત વૃદ્ધને 2 વર્ષની કેદની સજા

**કિશોરીને** મોબાઇલમાં બીભત્સ વિડીયો બતાવી અશોભનીય હરકત કરી હતી

વલસાડ : વલસાડના ધોબીતળાવના વૃદ્ધે સગીરાને ઘરેથી બોલાવી પોતાના ઘરે લઇ જઇ તેને મોબાઇલમાં બીભત્સ વિડિયો બતાવી અશોભનીય હરકતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં આરોપી વિરુદ્ધ વલસાડની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં સરકારી વકિલ ભરત પ્રજાપતિ અને એન. ડી. પ્રજાપતિએ દલીલ કરી હતી. આ દલીલ ગ્રાહ્ય રાખી જજ નીપા રાવલે આરોપીને દોષિત ઠેરવી 2 વર્ષની કેદ અને રૂ. 20 હજારનો દંડ ફટકારતો હુકમ કરતો ચૂકાદો આપ્યો હતો.

વલસાડના ધોબી તળાવ વિસ્તારમાં રહેતા નગીન મગનભાઇ કુકણા (ઉ. 60)એ એક 14 વર્ષની કિશોરીને પોતાના ઘરે બોલાવી હતી અને તેને મોબાઇલમાં બિભત્સ વિડિયો બતાવી એવું કરવા જણાવ્યું હતું. જેથી ગભરાઇ ગયેલી કિશોરી ત્યાંથી જતી રહી હતી. આ સંદર્ભે તેણી ઘરમાં કંઇ પણ કહી શકી ન હતી, પરંતુ તેણે સમગ્ર હકીકત પોતાના ટ્યુશન શિક્ષિકાને જણાવી હતી. ત્યારે ટ્યુશન શિક્ષિકાએ કિશોરીના માતા-પિતાને બોલાવી ઘટનાની જાણ કરતાં કિશોરીની માતાએ નગીન કુકણા વિરૂદ્ધ વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી નગીન કુકણાની ધરપકડ કરાઇ હતી. જેના વિરુદ્ધ વલસાડની પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણી બાદ જજે નગીન કુકણાને દોષિત ઠેરવી તેને 2 વર્ષ કેદની સજા અને રૂ. 20 હજારનો દંડ ફટકાર્યો હતો.

## તિથલ સ્વામિનારાયણ મંદિરની કેન્ટિન પાસે અથડામણ

વલસાડ : વલસાડના કેલ્વીન મગનલાલ ટંડેલના (ઉ.35 રહે. આદર્શ રો હાઉસ તિથલ રોડ વલસાડ) પત્ની ઝંખના પિયરમાં રહે છે. આ દંપતિ અલગ રહે છે જ્યારે તેમનો 4 વર્ષનો પુત્ર તેમની સાથે રહે છે.

ગઇકાલે તેઓ તેમના 4 વર્ષના પુત્રને માતા ઝંખનાને મળાવવા તિથલ સ્વામિનારાયણ મંદિરની કેન્ટીન નજીક ગયા હતાં. જો કે ત્યારે પુત્રે તેની માતા ઝંખના સાથે જવાની ના પાડી દીધી હતી. જેથી ઝગડો થયો હતો. આ ઝગડામાં ઝંખનાએ કોસંબા ગીતાંજલી સ્ટ્રીટમાં રહેતા તેમના પરિવારને જાણ કરી દીધી હતી. જેથી તેમના ભાઇ ચિરંજીવી ટંડેલ, માતા મીનાબેન અને પિતા રમેશભાઇ ત્યાં આવી પહોંચ્યા હતાં. તેમની અને કેલ્વીન વચ્ચે મારામારી થતાં કેલ્વીનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. આ બનાવમાં પોલીસે કેલ્વીનની ફરિયાદ લઇ મીનાબેન, રમેશભાઇ, ચિરંજીવી અને ઝંખના વિરૂદ્ધ અને બીજી તરફ તેમણે મીનાબેનની ફરિયાદ લઇ કેલ્વીન સામે ગુનો દાખલ કર્યો હતો.

## વાપી ચણોદમાં પાર્ક કરેલી ટ્રકમાંથી 2 બેટરી ચોરાઈ

વાપી : વાપી ચણોદ વિસ્તારમાં પાર્ક કરેલ ટ્રકની બે બેટરી તસ્કરો ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકે કરવામાં આવી હતી. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ નેપાળ અને હાલ વાપી નજીકના ચણોદ અતુલ ફળિયામાં આવેલ ચાલીમાં રહેતા સુભાષ બલબહાદુર થામી (ઉ.31) ટ્રક ડ્રાઈવર છે. ટ્રકમાં ભરેલ માલ ખાલી કરવા બોઈસર તારાપુરમાં જવાના હતાં. તેઓએ માલસામાન ભરેલ ટ્રક ચણોદ અતુલ ફળિયા માર્ગ ઉપર પાર્ક કરી રૂમમાં જઈ સૂઈ ગયો હતો. બીજે દિવસે મળસ્કે પાંચેક વાગ્યાની આસપાસ ટ્રક પાસે પહોંચ્યા તો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલ્લો હતો. જે બાદ ટ્રક ચાલુ કરવા જતા થઈ ન હતી અને તપાસ કરતા બંને બેટરી (કિંમત આશરે 20 હજાર) ચોરી થઈ ચૂકી હતી. આ બનાવ અંગેની ફરિયાદ સુભાષે વાપી ડુંગરા પોલીસ મથકે કરી હતી.

# ડાંગના માલેગામમાં બોગસ NGOનો પર્દાફાશ

**બોરિંગમાં** સબસીડી મળશે તેમ કહી ખેડૂત દીઠ રૂપિયા 21,800 ઉઘરાવી લેવાયા

**14 જેટલા** ખેડૂતો પાસે નાણાં ઉઘરાવ્યા બાદ જેરિકો યુનિવર્સલ વર્લ્ડે કંઈ જ નહીં કર્યું

સાપુતારા : ડાંગ જિલ્લામાં ફરી એકવાર બોગસ એનજીઓ દ્વારા આદિવાસી ખેડૂતોને નિશાન બનાવી મોટી છેતરપિંડી આચરાઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર "જેરીકો યુનિવર્સલ વર્લ્ડ" નામની એક એનજીઓએ આહવા તાલુકાના માલેગામ વિસ્તારમાં ખેડૂતોને ખેતી માટે સબસિડીયુક્ત બોરિંગ સુવિધા અપાવવાની લાલચ આપી પ્રતિ લાભાર્થી દીઠ રૂપિયા 21,800 મુજબ નાણાં વસૂલ્યા હતાં. તેના દ્વારા બોરિંગનું કામ કરાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ન તો કોઈ કામગીરી હાથ ધરાઈ અને ન તો ખેડૂતોને નાણા પરત આપવામાં આવ્યા. પરિણામે પીડિત આદિવાસી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. ઘટનાની જાણ થતાં જ ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે અને જવાબદાર તંત્ર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. પીડિત ખેડૂતો દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તથા છેતરાયેલા નાણાં પરત અપાવવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

### આ ખેડૂતો ઠગાઈનો ભોગ બન્યા

(1)રામદાસભાઇ ગોવિંદભાઇ હડસ, (2)પાંડુભાઇ મંગળ્યાભાઇ ગાયકવાડ, (3)પીન્ટુભાઇ આનંદભાઇ ભોયે, (4)દેવરાજભાઇ બદાભાઇ ચોયો, (5)બાલુભાઇ રતનભાઇ ઠાકરે (6)મીરાબેન પાંડુભાઇ ઠાકરે, (7)ગુલાબભાઇ સીવદાસભાઇ પવાર, (8) ચીમનભાઇ દેવરાજભાઇ દળવી, (9)સીતારામભાઇ ભાવર્યાભાઇ ભોયે, (10)સોમાભાઇ માહદ્યા ગાયકવાડ (11)કેતન પરમાર,(12)કાશીનાથભાઇ સખારામભાઇ ગાયકવાડ,(13)સીતારામભાઇ કળાભાઇ ગાયકવાડ, (14)ભીમાભાઇ કાળાભાઇ ગાયકવાડ

# સેલવાસ પાલિકાએ વેરો નહીં ભરનારની 9 મિલકત સીલ કરી




વાપી : સેલવાસ નગરપાલિકા દ્વારા પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનાર વધુ ૦૯ મિલકતોને સીલ મારીને ટેક્સ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. સેલવાસ પોલીસ ટીમની મદદથી સેલવાસ નગરપાલિકાએ મિલકત વેરો ન ચૂકવનાર મિલકતોને સીલ કરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત હેઠળ સેલવાસ નગરપાલિકાની ટીમે આ કાર્યવાહી કરી હતી. સેલવાસ નગરપાલિકાએ ટેક્સના બાકી મિલકતદારોને રકમ ૧૫ દિવસની અંદર ચૂકવવાની હતી. જે અંગે નોટિસ ચૂકવ્યા પછી પણ કર ચૂકવનાર ન હોય તેવા લોકો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે.

# સરકારી નોકરીના ખોટા ખેલમાં બે યુવાનને 3 વર્ષની કેદ

**નકલી** નિમણૂક પત્રથી કલેક્ટર કચેરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ નિષ્ફળ

**મહેન્દ્ર** પાટીલ અને વિનોદ પાન પાટીલને 3 વર્ષની સજા

નવસારી : તલાટી કમ મંત્રીની ભરતીના નામે રચાયેલું છેતરપિંડીનું જાળું અંતે કાયદાની જાળમાં સપડાયું છે. સુરતના મહેન્દ્ર પાટીલ (લિંબાયત) અને વિનોદ પાન પાટીલ (ઉધના) દ્વારા બનાવટી દસ્તાવેજોના આધારે સરકારી નોકરી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ સતર્ક પ્રશાસને આખી હકીકત બહાર પાડી દીધી. માહિતી અનુસાર, વર્ષ 2009ની તલાટી પરીક્ષા પાસ કર્યા હોવાનો ખોટો દાવો કરી બંને આરોપીઓ વર્ષ 2011માં નવસારી કલેક્ટર કચેરીએ નિમણૂક પત્ર સાથે પહોંચ્યા હતા. પ્રથમ નજરે પત્ર સંપૂર્ણ સત્તાવાર લાગતો હતો, પરંતુ કચેરી દ્વારા સાવચેતીપૂર્વક સત્તાવાર રેકોર્ડ સાથે ચકાસણી કરતા દસ્તાવેજ નકલી હોવાનું સામે આવ્યું. આ ખુલાસા બાદ તરત જ પોલીસ ફરિયાદ નોંધાઈ અને બંનેની ધરપકડ કરવામાં આવી. તપાસ દરમિયાન સ્પષ્ટ થયું કે સમગ્ર યોજના પૂર્વનિયોજિત હતી અને સરકારને છેતરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં કેસ ચાલતા મદદનીશ સરકારી વકીલ ડો. સ્મિતા પ્રજાપતિએ દ્રઢ પુરાવાઓ રજૂ કર્યા, જેના આધારે અદાલતે બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા. એડીશનલ જુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ.એસ. ચાવડાએ ત્રણ વર્ષની સજા, રૂ. 5,000નો દંડ તથા દંડ ન ભરાય તો વધારાની 30 દિવસની કેદનો હુકમ કર્યો. આ કેસ ફરી એકવાર સાબિત કરે છે કે સરકારી ભરતીમાં ખોટા દસ્તાવેજોનો સહારો લેનારાઓ અંતે કાયદાની પકડમાંથી બચી શકતા નથી.

